# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

## પરીક્ષા શાખા

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના નિયંત્રણ હેઠળની પરીક્ષા શાખા માટે પરીક્ષાની ઉતરવહી અને OMR Sheet નું સ્કેનીંગ કરી, ઓનલાઇન એસેસમેન્ટ તથા રીઝલ્ટ પ્રોસેસ વિગેરે પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતાં બીડરો પાસેથી ટેન્ડરો ઓનલાઇન પદ્ધતિથી મંગાવવામા આવે છે. બીડરે ટેન્ડરની શરતો મુજબ ટેકનીકલ બીડ સીલબંધ કવરમાં કુરીયર અથવા રજી. એ.ડી. / સ્પીડ પોસ્ટથી સમય મર્યાદામાં રજીસ્ટ્રારશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, ચાણકય ભવન, સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન સામે, જામનગર-૩૬૧૦૦૮ ને મોકલાવાનું રહેશે. ટેન્ડર તેમજ અન્ય માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ **www.ayurveduniversity.edu.in** તથા **NPROCURE.COM** પરથી ડાઉનલોડ કરી શકાશે તેમજ ભાવપત્રક (પ્રાઇઝબીડ) **NPROCURE.COM** મારફત જ ભરવાનું રહેશે.

| ક્રમ | વિગત | વિગત |
|---|---|---|
| 1 | ટેન્ડરની કિંમત - નોન રીફંડેબલ | રૂ. 1500/- |
| 2 | ઇ.એમ.ડી.ની રકમ – રીફંડેબલ | રૂ. 42,000/- |
| 3 | ટેન્ડર વેબ સાઇટમાંથી ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય | તા. 24/07/2024<br>બપોરના 3-00 કલાક સુધી |
| 4 | ટેન્ડર ઓનલાઇન સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા. 25/07/2024<br>બપોરના 5-00 કલાક સુધી |
| 5 | ટેન્ડરના ટેકનીકલ બીડ સ્વીકારવાની છેલ્લી તારીખ તથા સમય | તા. 31/07/2024 |
| 6 | કચેરી ખાતે ટેન્ડરના ટેકનીકલ બીડ ખોલવાની તારીખ તથા સમય | તા. 01/08/2024<br>બપોરના 4-00 કલાકે<br>ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર |
| 7 | સીકયુરીટી ડિપોઝીટની રકમ | વાર્ષિક કોન્ટ્રાકટની રકમના 5 ટકા |
| 8 | ટેન્ડરની વેલીડીટી | 120 દિવસ |

# ટેકનીકલ બીડ

ભાવ ભરનાર બીડરએ નીચે મુજબના ડોકયુમેન્ટસ ટેકનીકલ બીડમાં સામેલ રાખવાના રહેશે. સદરહુ ડોકયુમેન્ટસ વગરનું ટેન્ડર વિચારણામાં લેવામાં આવશે નહી.

| | | |
|---|---|---|
| 1 | અર્નેસ્ટમની ડીપોઝીટ રૂ. 42,000/- (અંકે રૂપિયા બેતાલીસ હજાર પૂરા) નો ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર “Registrar, Gujarat Ayurved University, Jamnagar” ના નામનો મોકલી આપવાનો રહેશે. | |
| 2 | ભાવ ભરનાર બીડરનું છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષનું સરેરાશ ટર્ન ઓવર અઠાવીસ લાખનું હોવું જોઇએ. | |
| 3 | ભાવ ભરનાર બીડર ગુજરાત રાજયમાં ઓફીસ ધરાવતી હોવી જોઇએ, જે અંગેનો પુરાવો રાજય સરકાર / કેન્દ્ર સરકાર દ્વારા માન્ય હોય તેવો કોઇપણ એક રજુ કરવાનો રહેશે. | |
| 4 | છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષની વાર્ષિક ટર્નઓવરની માન્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા આપવામાં આવેલ પ્રમાણિત વિગતો (as per Annexure-A) | |
| 5 | પાનકાર્ડ નંબર (પ્રમાણિત પાનકાર્ડની નકલ સામેલ રાખવી) | |
| 6 | GST નોંધણી નંબર (નોંધણી પ્રમાણપત્રની નકલ સામેલ રાખવી) | |
| 7 | ગવર્મેન્ટ કે સેમી ગવર્મેન્ટ કે સંસ્થા દ્વારા કે કોઈ શૈક્ષણિક સંસ્થા દ્વારા બ્લેક લીસ્ટમાં મુકાયેલ નથી તે અંગેનું બાંહેધરી પત્ર. (as per Annexure-B) | |
| 8 | ભાવ ભરનાર બીડરને સોફટવેર ડેવલપીંગ / લોગઇન આઇ.ડી. ક્રીએટ કરી ઉત્તરવહી / પ્રશ્નપત્ર સિકયોર્ડ સિસ્ટમથી ઓનલાઇન મોકલવાનો ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ જરૂરી છે. સરકારી કચેરી / ખાતા / વિભાગ / બોર્ડ / નિગમના / અર્ધ સરકારી સંસ્થાઓના અનુભવના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવી. ફકત વર્ક ઓર્ડરની નકલ ધ્યાને લેવામાં આવશે નહીં. | |

ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર રાષ્ટ્રીયકૃત બેંક અથવા આઇ.સી.આઇ.સી.આઇ., આઇ.ડી.બી.આઇ., એચ.ડી.એફ.સી., એકસીસ બેંકના કઢાવવાના રહેશે. આ સિવાયની અન્ય કોઇપણ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર માન્ય રાખવામાં આવશે નહીં અને બીજી કોઇપણ રીતે ડીપોઝીટની રકમ સ્વીકાર્ય ગણાશે નહીં. અર્નેસ્ટમની ડીપોઝીટ વગરનુ ટેન્ડર રદ કરવામાં આવશે. આવી ડીપોઝીટ ઉપર કોઇપણ પ્રકારનું વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.

Annexure – A

Particulars of Turnover

Name of the Bidder

Particulars of Turnover in the following years as per audited accounts

| Financial Year | Total Turnover |
|---|---|
| 2023-24 | |
| 2022-23 | |
| 2021-22 | |

It is certified that above details are correct / fair and audited.

Signature of Chartered Accountant with Stamp

---

Annexure – B

**રૂ.300/- ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર**

**બાંહેધરી પત્રક**

આથી અમો નીચે સહી કરનાર બાહેંધરી આપીએ છીએ કે,

(1) અમારી પેઢી / અમારી પેઢીના ભાગીદારો / અમારી પેઢીના ભૂતપૂર્વ ભાગીદાર ઉપર કોઇ પણ પ્રકારનો ગેરરીતી કે છેતરપીંડી બાબતે પોલીસ ફરીયાદ / ફોજદારી કાર્યવાહી થયેલ નથી કે કોર્ટ કેઇસ પડતર નથી.

(૨) અમારી પેઢી / અમારી પેઢી ના ભાગીદારો / અમારી પેઢી ના ભૂતપૂર્વ ભાગીદાર સામે ભારત સરકાર / ગુજરાત સરકાર / ગુજરાત સરકારના બોર્ડ નિગમો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, યુનિવર્સિટી કે અન્ય કોઇપણ સ્વાયત સંસ્થાઓ દ્વારા બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી થયેલ નથી કે પડતર નથી.

(3) અમારી પેઢી / અમારી પેઢી ના ભાગીદારો / અમારી પેઢી ના ભૂતપૂર્વ ભાગીદાર સામે નાણાંકીય ઉચાપત કે ડીફોલ્ટર તરીકે જાહેર કરવામાં આવેલ નથી કે કોઇ સંસ્થા સાથે કોઇ પ્રકારના વિવાદમાં નથી.

તા. ................... ટેન્ડરરની સહી

સ્થળ ................... પેઢી નું નામ અને સીલ

સાક્ષીની સહી : ...................

નામ : ...................

સરનામું : ...................

...................

## <u>ટેન્ડરની મુખ્ય શરત.</u>

માંગવામાં આવેલ તમામ ડોકયુમેન્ટોની ચકાસણી થયા બાદ જે બીડરનું ટેકનીકલ બીડ મંજુર કરવાપાત્ર હોય તે બીડરએ સ્કોપ ઓફ વર્કમાં દર્શાવ્યા મુજબની કામગીરીનો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ખાતે ઉપસ્થિત રહી ડેમો આપવાનો રહેશે. આ ડેમો યુનિવર્સિટીની જરૂરીયાત અનુસારનો અને સંતોષકારક જણાશે તો જ તે બીડરને ટેકનીકલ બીડમાં આખરી રીતે માન્ય રાખવામાં આવશે અને ત્યારબાદના તબકકે બીડરનું પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે.

## <u>ટેન્ડરની સામાન્ય શરતો.</u>

[1] ટેન્ડર પ્રાઇઝ બીડ ફક્ત ઓનલાઇન **N-PROCURE** માં જ ભરવાનું રહેશે તથા તે જ ભાવો ધ્યાને લેવામાં આવશે.

[2] ભાવો તમામ પ્રકારના ટેકસો સહિતના આપવાના ભરવાના રહેશે.

[3] જે બીડરની ટેકનીકલ બીડની વિગતો અને પુરાવા અત્રેથી જણાવ્યા મુજબ રજૂ થયેલ હશે અને તેની ચકાસણી કર્યા બાદ નિયુકત / નિયત કમિટી દ્વારા ટેકનીકલ બીડ માન્ય થાય તો જ પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે. કોઇપણ દસ્તાવેજી પુરાવો માન્ય કે અમાન્ય રાખવા અંગેના અધિકાર નિયત કમિટીને રહેશે.

[4] બીડરના ભાવ મંજૂર થયેથી તે અંગેની લેખિત જાણ સંબંધિત બીડરને અત્રેથી કર્યેથી દિવસ-7 માં બીડરએ કોન્ટ્રાકટની રકમના **<u>પાંચ ટકા લેખે સીક્યોરીટી ડીપોઝીટની રકમ</u>** ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરથી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ રકમ ઉપર કોઇપણ પ્રકારનું વ્યાજ ચૂકવવામાં આવશે નહીં. જે તે બીડરએ અત્રેથી જણાવવામાં આવે ત્યારે નોટરી પાસે નોંધણી કરાવીને રૂ. 300-00 ના સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરી આપવાનું રહેશે તેમજ નોટરીનો ખર્ચ બીડરએ ભોગવવાનો રહેશે. નિયત સમય મર્યાદામાં સીક્યોરીટી ડીપોઝીટ નહીં ભરનાર અથવા કરારખત કરાવવામાં નિષ્ફળ જનાર બીડરનું ટેન્ડર રદ કરવામાં આવશે. તેમજ ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

[5] ટેન્ડરની શરતો સિવાયની બીજી કોઇ નવી શરતો બીડર દ્વારા રજૂ કરી શકાશે નહીં. શરતી ઓફર ધ્યાને લેવામાં આવશે નહીં. ટેન્ડર રજૂ કર્યા બાદ શરતચૂક, ભૂલ કે ગેરસમજ કે એવા અન્ય કોઇપણ કારણે ફેરફાર કે સુધારા-વધારા કરવા દેવામાં આવશે નહીં.

[6] આ કોન્ટ્રાકટના ભાવો વર્ક ઓર્ડરની તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. તદઉપરાંત બંને પક્ષકાર સહમત થયે ટેન્ડર ભાવ વધુ એક વર્ષ માટે માન્ય રાખી શકાશે.

[7] ઉતરવહીની વાર્ષીક સંખ્યા અંદાજે 40,000 તથા ઓ.એમ.આર.ની સંખ્યા અંદાજે 20,000 થશે. પાર્ટીએ ઉતરવહીનો એક નંગનો તથા ઓ.એમ.આર. શીટનો એક નંગનો ભાવ તમામ પ્રકારના ટેકસ સાથેનો ભરવાનો રહેશે.

[8] આ કાર્યના કોન્ટ્રાકટની વાર્ષીક અંદાજીત રકમ ઉતરવહીના રૂ.12,00,000/- તથા ઓ.એમ.આર. ની વાર્ષીક અંદાજીત રકમ રૂ. 2,00,000/- છે.

[9] ઉતરવહી અંદાજીત 44 પેઇજની એ/4 સાઇઝની તથા ઓ.એમ.આર. શીટ સીંગલ પેઇજની એ/4 સાઇઝની છે.

[10] સ્કોપ ઓફ વર્કમાં દર્શાવવામાં આવેલ જથ્થો એક વર્ષનો અંદાજીત છે, જેમાં વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર વધારો – ઘટાડો થવાની સંભાવનાઓ છે. ભાવ મંજુર થનાર બીડરને સ્કોપ ઓફ વર્કમાં દર્શાવેલ અંદાજીત જથ્થા પૈકી સમયાંતરે પરીક્ષાવાઇઝ ઉતરવહી એસેસમેન્ટની કામગીરી જરૂરીયાત અનુસાર ટુકડે-ટુકડે આપવામાં આવશે.

[11] બીડરએ સોંપવામાં આવેલ કામગીરી મુજબનુ કાર્ય સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ ખરેખર એસેસમેન્ટ થયેલ ઉતરવહી / ઓ.એમ.આર. શીટની સંખ્યા પ્રમાણેનું બીલ રજુ કરવાનું રહેશે.

[12] જે બીડરના ભાવ મંજુર થાય તે બીડરએ જ વર્ક ઓર્ડર / ટેન્ડરની શરતોને આધિન કામ કરવાનું રહેશે. કામ સબ કોન્ટ્રાકટર દ્વારા થયેલું ન હોવું જોઇએ. અન્યથા સિકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

[13] જે બીડરના ભાવ મંજુર થાય તે બીડરએ વર્ક ઓર્ડર / ટેન્ડરની શરતોને આધિન કરવાનું થતું કાર્ય ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના પ્રીમાઇસીસમાં સૂચવવામાં આવે તે જગ્યાએ કરવાનું રહેશે.

[14] ઉતરવહીના સ્કેનીંગ માટે જરૂરીયાત મુજબના કટીંગ મશીનો, સ્કેનર મશીનો તથા કોમ્પ્યુટર / લેપટોપ વિગેરે સાધનો બીડરએ લાવવાના રહેશે. આ અંગેનો અલગથી કોઇ ચાર્જ યુનિવર્સિટી દ્વારા ચુકવવામાં આવશે નહી.

[15] ઉત્તરવહીના કટીંગ, સ્કેનીંગ વિગેરે કાર્ય માટે મેનપાવરની વ્યવસ્થા બીડરએ પોતાના ખર્ચે કરવાની રહેશે.

[16] કલાઉડ સર્વરની વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા પૂરી પાડવામાં આવશે.

[17] પરીક્ષા શાખા દ્વારા આપવામાં આવતી ઉતરવહીઓ તથા ઓ.એમ.આર. શીટ ગણીને લેવાની રહેશે અને તે મુજબ જ ગણાવીને પરત આપવાની રહેશે.

[18] જે પરીક્ષકો પાસે ઉત્તરવહીઓનું ઇ-એસેસમેન્ટ કરાવવાનું થશે તેમના નામનું લીસ્ટ તથા મોકલવાની થતી ઉત્તરવહીઓની સંખ્યા પરીક્ષા શાખા પાસેથી મેળવી લેવાના રહેશે. જે અનુસાર બીડરએ તેમના ઓનલાઇન એસેસમેન્ટ માટે લોગઇન આઇ.ડી. ક્રીએટ કરી તેમને ઉત્તરવહીઓ મોકલી આપવાની રહેશે.

[19] દરેક વિષયની ઉત્તરવહીઓ કોમ્પ્યુટરાઇઝ્ડ વિષયવાઇઝ સફલ કરી પરીક્ષકશ્રીઓને મોકલવાની રહેશે.

[20] ઓ.એમ.આર. શીટનું સ્કેનીંગ કાર્ય મંજુર થયેલ ભાવવાળી બીડરએ કરવાનું રહેશે. આ માટેના સોફટવેર, સ્કેનીંગ મશીનની વ્યવસ્થા બીડરએ કરવાની રહેશે. આ અંગેનો અલગથી કોઇ ચાર્જ ચુકવવામાં આવશે નહી.

[21] ભાવ ભરનાર બીડર દિવસ-10 માં ઓછામાં ઓછી 20000 (વીસ હજાર) ઉતરવહીઓ તથા 5000 (પાંચ હજાર) ઓ.એમ.આર. શીટનું સ્કેનીંગ કાર્ય કરી શકે તે પ્રમાણેની મશીનરી તથા મેનપાવરની વ્યવસ્થા કરવા માટે સક્ષમ હોવા જરૂરી છે.

[22] ઓનલાઇન એસેસમેન્ટ થયા બાદ એસેસમેન્ટ થયેલ ઉતરવહીઓ તથા ઓ.એમ.આર. શીટનો સંપૂર્ણ ડેટા પરીક્ષા શાખાને પોર્ટેબલ હાર્ડડીસ્કમાં આપવાનો રહેશે જે હાર્ડડીસ્ક બીડરએ પોતાના ખર્ચે ખરીદ કરવાની રહેશે તથા કાયમી ધોરણે યુનિવર્સિટીને સોંપી આપવાની રહેશે. આ અંગેનો અલગથી કોઇ ચાર્જ યુનિવર્સિટી દ્વારા ચુકવવામાં આવશે નહી. હાર્ડડીસ્કમાં આપવાના થતાં ડેટામાં પરીક્ષક દ્વારા ઉતરવહીના મૂલ્યાંકન બાદ જે માર્ક મુકવામાં આવે છે તે માર્ક સાથેની તેમજ જે જે નિશાનીઓ કરવામાં આવે છે તે દરેક સ્કેન કરેલી ઉતરવહીઓની સોફ્ટ કોપી યુનિવર્સિટીને આપવાની રહેશે.

[23] ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી – જામનગરની પરીક્ષા વિભાગની ઉત્તરવહી સ્કેનીંગ, ઓનલાઇન એસેસમેન્ટ તથા રીઝલ્ટ પ્રોસેસની કામગીરી અત્યંત ખાનગી અને જવાબદારીવાળી હોય આ અંગેની ગોપનીયતા જાળવવાની રહેશે.

[24] ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી – જામનગરની પરીક્ષા વિભાગની ઉત્તરવહી સ્કેનીંગ, ઓનલાઇન એસેસમેન્ટ તથા રીઝલ્ટ પ્રોસેસની કામગીરી દરમ્યાન બીડર ગેરરીતી આચરતા હોવાનું યુનિવર્સિટીને ધ્યાન ઉપર આવશે તો સંબંધિત બીડરને બ્લેક લીસ્ટમાં મૂકવામાં આવશે તથા યુનિવર્સિટી દ્વારા આ અંગે ફોજદારી ધોરણે કાર્યવાહી કરવામાં આવશે તેમજ સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે, બીલનું પેમેન્ટ સ્થગિત કરવામાં આવશે.

[25] કોઇપણ રકમ એડવાન્સ રૂપે ચૂકવવામાં આવશે નહીં. જરૂરીયાત અનુસાર સંપૂર્ણ કાર્ય સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ બીલ રજૂ કરવાનું રહેશે.

[26] કામગીરી સોંપતી વખતે નિયત થયેલ તારીખ સુધીમાં કામ પૂરૂં કરી આપવાનું રહેશે. મુકરર કરેલ મુદત મુજબ કામ પૂરૂં કરવાનું આવશ્યક ગણાશે. જો સમય મર્યાદામાં કામ પૂરું કરવામાં નહીં આવે તો એક દિવસના રૂા.1000/- લેખે પ્રત્યેક દિવસની રકમ દંડ પેટે વસુલ લેવામાં આવશે.

[27] જે બીડરનું ટેન્ડર પાસ થશે તે ઓર્ડર પ્રમાણે કામ કરવાની અસંમતી દર્શાવશે તો તેની સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવાનો યુનિવર્સિટીને અબાધિત હક્ક રહેશે.

[28] ટેન્ડરની કોઇપણ શરતના ભંગ / પાલન ન થવાના કારણે ડીપોઝીટની ભરેલ રકમ જપ્ત કરવાને પાત્ર ઠરશે તેમજ યુનિવર્સિટી દ્વારા આ બાબતે યોગ્ય ઉચિત કાર્યવાહી હાથ ઘરવામાં આવશે જેનો આખરી નિર્ણય માન.કુલપતિશ્રીનો રહેશે જે બંધનકર્તા રહેશે.

[29] ટેન્ડર સ્વીકારવા સંબંધમાં અથવા ક્યા ભાવ સ્વીકારવા તે અંગેનો નિર્ણય યુનિવર્સિટીનો રહેશે અને તે આખરી ગણાશે.

[30] ઉતરવહીઓ તથા ઓ.એમ.આર. શીટનો બંનેનો પ્રતિ નંગના ભાવનો સરવાળો જે બીડરનો સૌથી ઓછો હશે તેમને L1 ગણવામાં આવશે. એક કરતાં વધુ બીડરના ભાવ સરખા આવે અથવા ન આવે તો પણ નેગોસીએશન કરી આખરી ભાવ નકકી કરવામાં આવશે.

[31] કોઇપણ વિવાદ અંગે ન્યાયક્ષેત્ર જામનગર રહેશે.

ઉપરોક્ત તમામ શરતો અમોએ બરાબર વાંચી, સમજી, વિચારીને સ્વીકૃત કરેલ છે. ટેન્ડરની ઉપરોક્ત તમામ શરતો અમોને-અમારી પેઢીના માલિક / ભાગીદારો / કાયદેસરના પ્રતિનિધિને પણ કબૂલ મંજૂર અને બંધનકર્તા છે. જેની ખાત્રી બદલ અમોએ શુદ્ધ બુદ્ધિથી અને રાજીખુશીથી નીચે સહી કરી આપેલ છે.

બીડરની સહી

પેઢી નું નામ અને સીલ

**Scope of Work**

| અનુ. નં. | સ્પેશીફીકેશન | અંદાજીત જથ્થો |
|---|---|---|
| 1 | Online paper checking module will contain following steps and conditions:<br>1. Cutting of answer sheets (avoiding any cutting of writing done by student) or Book Scan<br>2. Scanning of answer sheets<br>3. Stapling of answer sheets and arrange them in order again<br>4. Creation of Login IDs for paper checkers<br>5. Scanned papers should be shuffled properly before sending to paper checker for paper checking to avoid any college / centre sequencing.<br>6. Sending answer sheets for evaluation to single or multiple paper checkers as per rules<br>7. Papers will have first page with barcode. Before sending that barcode should be converted to dummy code and that page should not be sent to paper checker. When marks are entered and reports are generated paper's barcode and dummy code both must be there in report. Paper may be checked by one paper checker or more than one paper checker, report must be having mapping of barcode, dummy code and marks given by all paper checkers for any given subject<br>8. Paper Checker must be able to work on any device – which may include – Windows/Apple PC/Laptop, Android / IoS instruments<br>9. Module must have relevant controls for evaluation. Before or after preparation of module it may have to be updated as per requirements<br>10. Support mechanism should be there for technical queries raised by paper checkers<br>11. Developer will not be allowed to take answer sheets out of Gujarat Ayurved University Premises. All works have to be done within Gujarat Ayurved University Premises<br>12. Assessment sheet should be prepared on the basis of evaluation/s done. If needed, as per rules and regulations, same paper/s should further be allocated for one more evaluation<br>13. Training for the module should be arranged at the Gujarat Ayurved University Premises<br>14. All coding rights will be of Gujarat Ayurved University<br>15. Report as per requirement on the basis of evaluation done in excel format. | 40000 |
| 2 | OMR Sheet Should be scanned and result should be generated in accordance with given booklet and answer keys. Result should be exported in excel format. | 20000 |

બીડરની સહી

પેઢી નું નામ અને સીલ